❖ અધ્યયન નિષ્પતિઓ :- 1. નિયમિત આકાર ધરાવતી વસ્તુઓનાં ક્ષેત્રફળ અને પરિમિતિ સૂત્રની મદદથી શોધે.
2. રોજીંદા જીવનમાં ક્ષેત્રફળ અને પરિમિતિ આધારિત વિવિધ ગણતરી કરે અને કોયડાઓનો ઉકેલ મેળવે.

પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(1) ચોરસનું ક્ષેત્રફળ શોધવા નીચેના પૈકી કયા સૂત્રનો ઉપયોગ કરશો ?.............................................

(a) લંબાઇ × લંબાઇ (b) 4 × લંબાઇ (c) લંબાઇ × પહોળાઇ (d) 2 × લંબાઇ

(2) લંબચોરસનું ક્ષેત્રફળ શોધવા નીચેના પૈકી કયા સૂત્રનો ઉપયોગ કરશો ?.........................................

(a) લંબાઇ × લંબાઇ (b) 4 × લંબાઇ (c) લંબાઇ × પહોળાઇ (d) 2 × ( લંબાઇ + પહોળાઇ )

(3) 1 ચો.સેમી ક્ષેત્રફળ ધરાવતા ચોરસની લંબાઇ કેટલી થાય ?...................................

(a) 4 સેમી (b) 2 સેમી (c) 1 મીટર (d) 1 સેમી

(4) 4 સેમી પરિમિતિ ધરાવતાં ચોરસની લંબાઇ કેટલી થાય ?..........................

(a) 4 સેમી (b) 2 સેમી (c) 8 સેમી (d) 1 સેમી

(5) ચોરસની પરિમિતિ માટે નીચેના પૈકી કયુ વિધાન સાચું નથી ?.................................................

(a) હદની લંબાઇ (b) ચોરસ પ્રદેશનું માપ

(c) ચારેય બાજુઓના માપનો સરવાળો (d) 4 × લંબાઇ

(6) લંબચોરસની પરિમિતિ શોધવાનું સૂત્ર શું છે ?...................................................

(a) લંબાઇ × લંબાઇ (b) 4 × લંબાઇ (c) 2 × ( લંબાઇ + પહોળાઇ ) (d) 2 × લંબાઇ

(7) ગણિત ગમ્મત પાઠ્યપુસ્તકના કવરપેજનું (પાનાનું) ક્ષેત્રફળ શોધવા કયા એકમનો ઉપયોગ કરશો ?.......

(a) ચો. સેમી (b) ચો.મીટર (c) સેમી (d) ચો.કિમી

(8) નીચે પૈકી કોનું ક્ષેત્રફળ ચો. કિમી માં મપાય ?...................................

(a) સાડી (b) શહેરની કુલ જમીન (c) હાથરૂમાલ (d) બ્લેકબોર્ડ

(9) નીચે પૈકી કોનું ક્ષેત્રફળ ચો. મીટર માં મપાશે ?...................................

(a) ખુરશીની બેઠક (b) જીલ્લાનો કુલ વિસ્તાર (c) વર્ગખંડનું ભોયતળિયું (d) પુસ્તકનું પાનુ

પ્રશ્ન-2. 4 ચો. સેમી ક્ષેત્રફળ ધરાવતો એક ચોરસ બનાવો. તેને A નામ આપો. A ચોરસની બાજુના માપ કરતાં બમણું માપ હોય તેવો બીજો ચોરસ બનાવો. તેને B નામ આપો. અને નીચે માગ્યા પ્રમાણે ઉત્તર આપો.

(1) ચોરસ A ની પરિમિતિ કેટલી છે ?.....................

(2) ચોરસ B લંબાઇ કેટલી થાય ?............................


(3) ચોરસ B નું ક્ષેત્રફળ કેટલું થાય ?........................

(4) ચોરસ B ની પરિમિતિ કેટલી થાય ?...................................

(5) ચોરસ B નું ક્ષેત્રફળ ચોરસ A ના ક્ષેત્રફળ કરતાં કેટલા ગણુ વધારે છે ?.................................

(6) ચોરસ A ની પરિમિતિ ચોરસ B ની પરિમિતિ કરતાં કેટલા ગણી ઓછી છે ?...........................

પ્રશ્ન-3. નીચે આપલી ચોરસ જમીનને બંટુ, ચિન્ટુ, અને પીન્ટુ વચ્ચે સરખે ભાગે એવી રીતે વહેંચો કે જમીનના દરેક ટુકડા પર એક મકાન આવે. તેમાં રંગ પૂરો અને તેના આધારે આપલા પ્રશ્નોના ઉત્તર આપો.



(1) આ ચિત્રમાંના દરેક ચોરસને 1 ચો.મીટર જમીન સમજવામાં આવે તો દરેકને ભાગે કેટલી જમીન આવશે ?.............................

(2) ત્રણેયને પોતાના ભાગની જમીનની ફરતે વાડ કરવી છે. તો કોને સૌથી વધારે તારની જરૂર પડશે ? કેટલી ?

...................................................................................

(3) ત્રણેયને ભેગા મળીને કુલ કેટલા મીટર તારની જરૂર પડશે ?

...................................................................................

(4) આપેલ ચોરસમાં દરેક ચોરસની લંબાઇ 1 મીટર હોય તો સંપૂર્ણ ચોરસની પરિમિતિ કેટલી ?........................................

પ્રશ્ન-4. નીચે આપેલ કોષ્ટક પૂર્ણ કરો.

| વસ્તું | લંબાઇ | પહોળાઇ | પરિમિતિ | ક્ષેત્રફળ |
|---|---|---|---|---|
| પુસ્તકનું પાનુ | 15 સેમી | 10 સેમી | | |
| બ્લેકબોર્ડ | 2 મીટર | | 8 મીટર | |
| શાળાનું મેદાન | | | 80 મીટર | 400 ચો.મીટર |
| A4 સાઇઝનો કાગળ | | 15 સેમી | 90 સેમી | |
| કબાટ | 3 મીટર | | | 3 ચો.મીટર |

પ્રશ્ન-5. નીચેના દાખલા ગણો.

(1) એક ચોરસ બગીચાની ફરતે વાડની લંબાઇ 28 મીટર છે, તો બગીચાની એક બાજુની લંબાઇ કેટલી થાય ?

(2) એક 50 મીટર લાંબા તારમાંથી 10 મીટર લંબાઇનો એક લંબચોરસ બનાવ્યો તો, તે લંબચોરસની પહોળાઇ કેટલી થાય ?

(3) અભિષેક પોતાના નવા મકાનનાં બેઠકખંડમાં ભોયતળિયે ચોરસ લાદી લગાવવાનું ઇચ્છે છે. લાદીની લંબાઇ 20 સેમી છે. બેઠકખંડ 300 સેમી લાંબો અને 200 સેમી પહોળો હોય તો તેને કેટલી લાદીની જરૂર પડે ?